સામાજિક ભાગીદારી (Social Partnership) દ્વારા
રાજ્યમાં રક્ષા શક્તિ સ્કૂલ્સ શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : સસબ-૧૨૧૭-૫૬૭(પા.ફા.૧)-ગ.૧
સચિવાલય,ગાંધીનગર
તારીખ: ૧૧/૧૦/૨૦૨૨

વિશિષ્ટ (Cont.) ૦૩ 13 OCT 2022 250 70

વંચાણે લીધા :-

(૧)કમિશ્નરશ્રી,શાળાઓનીકચેરીનોતા:૨૪/૦૩/૨૦૨૨નો પત્રક્રમાંક:૮૬/વિશિષ્ટ/સૈ.શાળા/વહીવટી મંજૂરી/૨૦૨૨/૯૦૫.

**પ્રસ્તાવના:**

ભારત સરકાર, સંરક્ષણ મંત્રાલય સંરક્ષણ સેવાઓ, અર્ધ-લશ્કરી સેવાઓ અને પોલીસ સેવાઓમાં કારકિર્દીના ઘડતર માટેના અભિગમ સાથે ઉચ્ચ ગુણવત્તા યુક્ત નિવાસી શાળા શરૂ કરવાના ઉદ્દેશ્ય સાથે, મિનિસ્ટ્રી ઓફ ડિફેન્સ અંતર્ગત ધી સૈનિક સ્કૂલ સોસાયટી દ્વારા ચાલતી સૈનિક શાળાઓના આધાર પર રાજ્ય સરકાર દ્વારા નિવાસી સૈનિક શાળાઓ સ્થાપવાની બાબત વિચારણા હેઠળ હતી. જે અંતર્ગત સામાજિક ભાગીદારી દ્વારા આવી સૈનિક શાળાઓની સ્થાપના અને સંચાલન માટે સ્વૈચ્છિક સંસ્થાઓને પ્રોત્સાહિત કરવા રાજ્યના શિક્ષણ વિભાગે એક નીતિ ઘડવાનું નક્કી કર્યું છે.

**લક્ષ્ય:**

સામાજિક ભાગીદારી (Social Partnership) દ્વારા શાળાઓ સ્થાપવા અને તેનું સંચાલન કરવા માટે ભાગીદારોને પ્રોત્સાહિત કરવા, જેથી કરીને ધોરણ-૬ થી ૧૨ ના કુલ ૫,૦૦૦ વિદ્યાર્થીઓ સશસ્ત્ર દળોમાં કારકિર્દીની તક પ્રાપ્ત કરે તે માટે ઉચ્ચ ગુણવત્તા યુક્ત નિવાસી સૈનિક શાળામાં શિક્ષણ મેળવી શકે. આવી સૈનિક શાળાઓનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને દેશની સંરક્ષણ સેવાઓ, પેરા મિલિટરી સેવાઓ અને પોલીસ સેવાઓમાં કારકિર્દી બનાવવા માટે તૈયાર કરવાનો છે. તેજસ્વી અને ઈચ્છા શક્તિ ધરાવતા વિદ્યાર્થીઓની પસંદગી થાય તે માટે આ શાળાઓમાં પ્રવેશ રાજ્ય-સ્તરની કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ (પ્રવેશ પરીક્ષા)નું આયોજન કરવામાં આવશે.

**ઠરાવ:**

વંચાણે લીધેલ ક્રમાંક(૧) સામેના કમિશનરશ્રી,શાળાઓની કચેરીના તા:૨૪/૦૩/૨૦૨૨ના પત્રથી રાજ્ય સરકાર દ્વારા સામાજિક ભાગીદારી હેઠળ ૧૦ રક્ષા શક્તિ સ્કૂલ્સ શરૂ કરવા વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં રૂ.૫૨૫.૦૦/- લાખની જોગવાઈને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

1042 વિ. S.K. 20/10/22

Scanned with CamScanner

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં રાજ્ય સરકાર દ્વારા સામાજિક ભાગીદારી (Social Partnership) હેઠળ ૧૦ રક્ષા શક્તિ સ્કૂલ્સ શરૂ કરવા વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં માંગણી નં.-૦૯, મુખ્ય સદર:૨૨૦૨-૦૨-૧૧૦-૦૧ હેઠળ નવી બાબત તરીકે રૂ.૫૨૫.૦૦/- લાખની વહીવટી મંજૂરીની દરખાસ્તને મંજૂરી આપવામાં આવે છે.

❖ રક્ષા શક્તિ સ્કૂલ્સની નીતિની વિગતો નીચે મુજબ રહેશે:

(૧) રક્ષાશક્તિ સ્કૂલ્સનું કેમ્પસ:

દરેક શાળા કેમ્પસમાં ૫૦૦ વિદ્યાર્થીઓની આદર્શ ક્ષમતા હોવી જોઈએ. જો કે, જમીન અને અન્ય જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ઉપલબ્ધતાના આધારે શાળા કેમ્પસની મહત્તમ ક્ષમતા ૧,૦૦૦ વિદ્યાર્થીઓની રહેશે. આમ, સમગ્ર રાજ્યમાં ૧૦(દસ) રક્ષાશક્તિ સ્કૂલ્સની સ્થાપના કરવામાં આવશે. તે પૈકી ૦૨(બે) રક્ષાશક્તિ સ્કૂલ્સ વિદ્યાર્થીનીઓ માટેની રહેશે.

(૨) સામાજિક ભાગીદારી (SP) માં પ્રોજેક્ટ પાર્ટનર્સની ભૂમિકા

શિક્ષણ વિભાગ સામાજિક ભાગીદારી દ્વારા સરકારી, બિન-સરકારી સંસ્થાઓ, તેમજ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટિ (CSR) હેઠળના પ્રકલ્પો અન્વયે સામાજિક ભાગીદારી હેઠળ રક્ષાશક્તિ સ્કૂલ્સનો વિકાસ કરવા માંગે છે. જેથી તેઓના હાલના સંસાધનો, વિવિધ ક્ષેત્રોની કુશળતા અને મુખ્ય ક્ષમતાઓનો મહત્તમ લાભ રાજ્યના વિદ્યાર્થીઓને આપી શકાય.

(3) સંસ્થાઓ અથવા સંઘ:

રસ ધરાવતી નોંધણી થયેલ સરકારી/બિન-સરકારી સંસ્થાઓ, ખાનગી સંસ્થાઓ, બિન-નફાકારી સંસ્થાઓ સહકારી મંડળીઓ/સંઘો સામાજિક ભાગીદારી હેઠળ રક્ષાશક્તિ સ્કૂલ્સની સ્થાપના માટે અરજી કરી શકે છે. આ શાળાઓની સ્થાપના માટે એક લીડ પાર્ટનર સાથે બહુવિધ વ્યક્તિઓ અથવા સંસ્થાઓના સંઘને પણ ધ્યાનમાં લેવામાં આવશે.

(૪) પ્રોજેક્ટ પાર્ટનર તરફથી સંપૂર્ણ મૂડી રોકાણ:

રક્ષાશક્તિ સ્કૂલ્સની સ્થાપના અને સંચાલન માટેનું તમામ મૂડી રોકાણ પ્રોજેક્ટ પાર્ટનર દ્વારા કરવામાં આવશે. પ્રોજેક્ટ પાર્ટનર પાસે રક્ષાશક્તિ સ્કૂલ્સના ધારા-ધોરણોને અનૂરૂપ. તેમની માલિકીની / ભાડે લીધેલી જમીન અને સમયાંતરે જરૂરી શાળાકીય અને નિવાસી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેટઅપ અને મેનેજ કરવા માટે રોકાણ હોવું જોઈએ. તેઓએ અત્યાધુનિક સિવિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવું પડશે. જેમાં શાળાનું મકાન, વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે રહેઠાણની સુવિધા, મેસ સુવિધા, ઇન્ડોર અને આઉટડોર રમતગમત અને જરૂરી સંરક્ષણ તાલીમ સુવિધાઓ, વિવિધલક્ષી પ્રવૃત્તિ ખંડ, ઓડિટોરિયમ અને સ્માર્ટ ક્લાસરૂમ જેવા ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કમ્પ્યુટર પ્રયોગશાળાઓ જેવી સુવિધાઓ હોવી જોઇશે.

Scanned with CamScanner

(૫) ઉપલબ્ધ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો શ્રેષ્ઠ ઉપયોગ:

રક્ષાશક્તિ સ્કૂલ્સની ડિઝાઈન અને વિશિષ્ટતાઓ અનુસાર તેમની હાલની ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓને અપગ્રેડ કરવા ઈચ્છુક વ્યક્તિઓ અને સંસ્થાઓને આમ કરવાની પરવાનગી આપવામાં આવશે. ટેકનિકલ નિષ્ણાંતોની કમિટી આવી ગાળખાકીય સુવિધાઓનું ઓડિટ/તપાસ કરશે અને જરૂરિયાતો સ્પષ્ટીકરણો સાથે તેના પાલનને ચકાસવા માટેનો દાવો કરશે. જો કે, આવા ભાગીદારોની અંતિમ પસંદગી સમિતિ અને ગવર્નિંગ કાઉન્સિલની ભલામણો પર નિર્ભર રહેશે.

(૬) પ્રોજેક્ટ પાર્ટનર દ્વારા મેનેજમેન્ટ માટેના સંસાધનો:

પ્રોજેક્ટ પાર્ટનર્સ સમગ્ર માર્ગદર્શિકા મુજબ આ શાળાઓમાં શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓની ભરતી કરીને રક્ષાશક્તિ સ્કૂલ્સનું સંચાલન કરવા માટે પણ જવાબદાર રહેશે. પ્રોજેક્ટ પાર્ટનર્સ જરૂરી સ્ટાફની કોન્ટ્રાક્ટ આધારિત ભરતી કરશે અને તેમના તમામ પગાર અને ભથ્થાં ચૂકવશે. આ સ્ટાફ, પ્રોજેક્ટ પાર્ટનરના કર્મચારીઓ હશે અને તેમને ક્યારેય સરકારી કર્મચારી તરીકે ગણવામાં આવશે નહીં અને ભવિષ્યમાં સરકારી કર્મચારી તરીકે ગણવામાં આવે તેવો કોઈ કાનૂની દાવો અથવા હક કરી શકશે નહીં. આ કર્મચારીઓની કોઈપણ સેવા-સંબંધિત બાબત અબાધિત અને સંપૂર્ણ રીતે પ્રોજેક્ટ ભાગીદારોની જવાબદારી રહેશે.

(૭) ઉચ્ચતમ શૈક્ષણિક ધોરણો જાળવવા માટે શ્રેષ્ઠ શિક્ષકોને આકર્ષવા:

શિક્ષકો માટેના પગાર અને પ્રોત્સાહનો માટે ઉલ્લેખિત રકમ માત્ર શિક્ષકોના પગાર અને પ્રોત્સાહનો માટે જ ખર્ચવી પડશે અને અન્ય કોઈ હેતુ માટે તેનો ઉપયોગ કરી શકાશે નહીં. શ્રેષ્ઠ લાયકાત, અનુભવ અને યોગ્યતા ધરાવતા શિક્ષકોની ભરતી કરવામાં આવે તથા તેમને જાળવી રાખવામાં આવે અને યોગ્ય મહેનતાણું આપવામાં આવે તે સુનિશ્ચિત કરવામાં આવશે. સતત ઉચ્ચ કામગીરી સુનિશ્ચિત કરવા માટે સ્ટાફની સઘન તાલીમ, દેખરેખ અને માર્ગદર્શન હાથ ધરવામાં આવશે.

(૮) સુચારું નાણાંકીય વ્યવસ્થાપન:

રક્ષાશક્તિ સ્કૂલ્સને ફાળવેલ નાણાંનો ઉપયોગ નાણાંકીય ઔચિત્ય અને કાર્યપદ્ધતિને ધ્યાને લઇ સુચારુ રીતે કરવામાં આવશે. કોઈપણ નાણાંકીય વર્ષમાં આ રિકરિંગ ખર્ચાઓમાંથી બચત કરેલ નાણાં જો કોઈ હોય તો, તે જરૂરીયાત અથવા ભવિષ્યની જરૂરિયાતોને પહોંચી વળવા ભંડોળ બનાવવા માટે અલગથી જમા કરીને જાણ કરવી પડશે.

(૯) પ્રવેશ પ્રક્રિયા :

- આ શાળાઓની સમગ્ર પ્રવેશ પ્રક્રિયાનું સંચાલન શિક્ષણ વિભાગ કરશે. ધોરણ ૧ થી ૫ સુધીની સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ તેમજ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ધોરણ-૫ના અંતે

Scanned with CamScanner

અરજી કરવા પાત્ર બનશે. દરેક શૈક્ષણિક વર્ષ માટે ધોરણ-૫ના અંતે ધોરણ-૬ માં નવા પ્રવેશ માટે રાજ્ય સ્તરની કોમન એન્ટ્રેસ ટેસ્ટ (પ્રવેશ પરીક્ષા) હશે. ધોરણ-૯ માં ખાલી પડેલી જગ્યાઓ માટે સમાન પ્રવેશ પ્રક્રિયા દ્વારા ધોરણ-૯ માં પ્રવેશ આપવામાં આવશે. પરિસ્થિતિ મુજબ ધોરણ-૭ અને ધોરણ-૮માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે. લેખિત પ્રવેશ પરીક્ષા ઉપરાંત, જરૂર પ્રમાણે વિદ્યાર્થીઓની મેડિકલ ફિટનેસ ટેસ્ટ અને જરૂર પ્રમાણે ઇન્ટરવ્યુ પણ કરવામાં આવશે જેના આધારે આખરી પ્રવેશ પસંદગી કરવામાં આવશે.

- રક્ષાશક્તિ સ્કૂલ્સમાં પ્રવેશ પરીક્ષાના મેરીટ આધારે સરકારી તેમજ ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાના વિદ્યાર્થીઓ માટે ૭૫% જગ્યાઓ રહેશે અને ૨૫% થી વધે નહી એ રીતે ખાનગી શાળાના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે.
- રક્ષાશક્તિ સ્કૂલ્સમાં સરકારી તેમજ ગ્રાન્ટ-ઇન-એઇડ તેમજ ખનગી શાળામાંથી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે નિ:શુલ્ક રહેશે.
- આ રક્ષાશક્તિ સ્કૂલ્સમાં ૦૨(બે) રક્ષાશક્તિ સ્કૂલ્સ વિદ્યાર્થીનીઓ માટેની રહેશે. જેમાં ફક્ત વિદ્યાર્થીનીઓને જ પ્રવેશ આપી શકાશે.

**(૧૦) પ્રોજેક્ટ પાર્ટનર્સની પસંદગી પ્રક્રિયા :**

સામાજિક ભાગીદારી દ્વારા સરકારી, બિન-સરકારી સંસ્થાઓ, તેમજ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટિ (CSR) હેઠળના પ્રકલ્પોને પ્રોજેક્ટ પાર્ટનર બનવાની ઇચ્છા (તૈયારી) માટે પ્રોત્સાહિત કરવા શિક્ષણ વિભાગ દ્વારા તબક્કાવાર EOI (Expression of Interest) રજૂ કરવા આમંત્રણ આપશે. કમિશ્નર ઓફ સ્કૂલ્સની અધ્યક્ષતામાં સરકારી અધિકારીઓ, શિક્ષણવિદો, નિષ્ણાતો અને સંબંધિત અનુભવ ધરાવતા વ્યક્તિઓનો સમાવેશ કરતી સમિતિ દ્વારા પારદર્શક રીતે ચકાસણીની પ્રક્રિયા કરવામાં આવશે (પરિશિષ્ટ 3). આ સમિતિ, પસંદગી પામેલા અરજદારની સંસ્થાની મંજૂરી માટે સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ની અધ્યક્ષતાવાળી ગવર્નિંગ કાઉન્સિલને ભલામણ કરશે. આ ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા આ અરજીઓનું મૂલ્યાંકન કરી માન. મંત્રીશ્રી, શિક્ષણ મારફત માન. મુખ્યમંત્રીશ્રીના સ્તરે મંજુરી મેળવશે.

**(૧૧) પ્રોજેક્ટ ભાગીદારો માટે માર્ગદર્શિકા:**

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર રક્ષાશક્તિ સ્કૂલ્સની સ્થાપના અને સંચાલન માટે પ્રોજેક્ટ પાર્ટનર્સ માટે વિગતવાર માર્ગદર્શિકા અને સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SoPs) બહાર પાડશે.

**(૧૨) રિકરિંગ ખર્ચમાં રાજ્ય સરકારની સહાય:**

રક્ષાશક્તિ સ્કૂલ્સની સ્થાપના અને સંચાલન માટેનો સમગ્ર મૂડી ખર્ચ પ્રોજેક્ટ પાર્ટનર્સ દ્વારા કરવામાં આવશે. શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દર વર્ષે જે તે સંસ્થામાં નોંધાયેલા દરેક વિદ્યાર્થી દીઠ લમ્પ-સમ રકમ પ્રોજેક્ટ પાર્ટનર્સને રિકરિંગ ખર્ચ પેટે સહાય પૂરી પાડશે. રિકરિંગ ખર્ચનો વિગતવાર બ્રેક-

Scanned with CamScanner

અપ આ ઠરાવના પરિશિષ્ટ-1 માં દર્શાવ્યા પ્રમાણે રહેશે. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે રિકરિંગ ખર્ચ સહાય પ્રતિ વર્ષ પ્રતિ વિદ્યાર્થી રૂ.૭૫,૦૦૦/- (પંચોતેર હજાર રૂપિયા) આપવામાં આવશે અને તે આગામી નાણાંકીય વર્ષથી દર વર્ષે ૭% ના દરે વધારવામાં આવશે.

(૧૩) ગવર્નન્સ સ્ટ્રક્ચર અને મોનિટરિંગ મિકેનિઝમ:

a) અમલીકરણ એજન્સી:

કમિશ્નર ઓફ સ્કૂલ્સ (CoS)ની ઓફિસ આ પ્રોજેક્ટ માટે શિક્ષણ વિભાગ હેઠળ અમલીકરણ એજન્સી હશે. આ શાળાઓ માટે એકંદર દેખરેખ, અહેવાલ, નાણાંકીય વ્યવસ્થાપન અને ઓડિટીંગ કમિશ્નર ઓફ સ્કૂલ્સની જવાબદારી રહેશે.

b) નોલેજ પાર્ટનર એજન્સી:

ગાંધીનગર, ગુજરાત સ્થિત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (Rashtriya Raksha University - RRU) રક્ષાશક્તિ સ્કૂલ્સના આ પ્રોજેક્ટ માટે શિક્ષણ વિભાગ સાથે નોલેજ પાર્ટનર એજન્સી તરીકે કાર્ય કરશે. જે હેઠળ RRU રક્ષાશક્તિ સ્કૂલ્સના અભ્યાસક્રમ, નિતી-નિયમો, SOPs, વગેરે ક્ષેત્રોમાં શિક્ષણ વિભાગની જરૂર અનુસાર સહાય કરશે.

c) ગવર્નિંગ કાઉન્સિલ:

રક્ષાશક્તિ સ્કૂલ્સ માટે એક ગવર્નિંગ કાઉન્સિલ હશે જેના અધ્યક્ષ સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) હશે. કમિશનર ઓફ સ્કૂલ્સ (CoS) તેના સભ્ય સચિવ હશે . તેમાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના કુલપતિ અથવા તેમના પ્રતિનિધિ, ચેરમેન GSHSEB, રાજ્ય પ્રોજેક્ટ ડાયરેક્ટર - સમગ્ર શિક્ષા, નિયામક પ્રાથમિક શિક્ષણ, નિયામક GCERT, ગણપત યુનિવર્સિટીના કુલપતિ અથવા તેમના પ્રતિનિધિ, આચાર્ય સૈનિક શાળા બાલાચડી - જામનગર, નાણા વિભાગના પ્રતિનિધિ અને બે સ્વતંત્ર સભ્યો કે જેઓ શિક્ષણવિદ્(preferably Ex-servicemen) હોય તેવા સંબંધિત અનુભવ ધરાવતા વ્યક્તિઓ પણ હશે. સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ની અધ્યક્ષતાવાળી ગવર્નિંગ કાઉન્સિલ(પરિશિષ્ટ-2) રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરાયેલી આ નીતિના વ્યાપક માળખામાં તમામ જરૂરી પગલાં લેવા માટે અધિકૃત છે.

d) વર્ગખંડમાં શિક્ષણ માટે વિશિષ્ટ અભ્યાસક્રમ અને શિક્ષણ શાસ્ત્ર:

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ(GSHSEB), વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બોર્ડ, દેશની અન્ય સરકારી સૈનિક શાળાઓનો અભ્યાસક્રમ અને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી સાથે પરામર્શ કરીને આ શાળાઓ માટે એક વિશિષ્ટ અભ્યાસક્રમ વિકસાવશે અથવા સંબંધિત હયાત અભ્યાસક્રમ અમલીકૃત કરાશે. જે માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ(GSHSEB)નું એફીલેશન મેળવવાનું રહેશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અનુસંધાનમાં, વિદ્યાર્થીઓને ગુજરાતીમાંથી અંગ્રેજી માધ્યમમાં પરિવર્તિત કરવા માટે ધોરણ ૬ થી

Scanned with CamScanner

૮માં ગુજરાતી અને અંગ્રેજીનું દ્વિભાષી માધ્યમ હશે. જેમ જેમ તેઓ ધોરણ ૯ થી ૧૨ સુધી પહોંચે તેમ તેમ એક વિષય અને શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજી પર વધુ ભાર મૂકવામાં આવશે. ઉદ્દેશ્ય માત્ર વિદ્યાર્થીઓને ઉચ્ચકોટિની વિચારસરણી, સમસ્યાનું નિરાકરણ કરવાની ક્ષમતા, કાર્ય કરીને શીખવું, મૂલ્ય આધારિત શિક્ષણ, સામાજિક અને ભાવનાત્મક કૌશલ્યો, સ્થાનિક સંસ્કૃતિની સમજ, વારસો અને અસરકારક સંચાર કૌશલ્યોથી સજ્જ કરી દેશની આંતરીક અને બાહ્ય સુરક્ષા અને રાષ્ટ્ર સેવા કરવાનો રહેશે.

e) ૨૧મી સદીના કૌશલ્યો પ્રાપ્ત કરવા પર ભાર:

આ શાળાઓ ૨૧મી સદીની અદ્યતન કૌશલ્યો પ્રદાન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે જે ટેક્નોલોજી આધારિત હશે. જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અનુસંધાનમાં વિદ્યાર્થીઓને ભવિષ્યના પડકારોનો સામનો કરવા માટે સજ્જ કરશે. તે શરીર, મન અને ચારિત્ર્યના ગુણો વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, જે વિદ્યાર્થીઓને તેમના સર્વાંગી વિકાસ માટે શારીરિક, માનસિક અને શૈક્ષણિક રીતે રૂપાંતરિત કરશે, જેથી તેઓ સંરક્ષણ, અર્ધલશ્કરી અને પોલીસ સેવાઓમાં કારકિર્દી બનાવવા માટે તેમની ક્ષમતાઓને ઘડશે.

f) અભ્યાસેતર પ્રવૃત્તિઓ પર ભાર:

રક્ષાશક્તિ સ્કૂલ્સમાં ભારતમાં હાલની સૈનિક સ્કૂલ સોસાયટીની પ્રવર્તમાન માર્ગદર્શિકા મુજબ સંરક્ષણ પ્રવૃત્તિઓ માટે જરૂરી વિશિષ્ટ રમતગમત, આઉટડોર અને શારીરિક તાલીમ પ્રવૃત્તિઓ હશે. શારીરિક અને માનસિક શક્તિ માટે યોગ, રમતગમત, આઉટડોર તાલીમ અને પ્રવૃત્તિઓ વગેરે જેવી સશસ્ત્ર દળોમાં કારકિર્દી માટે આદર્શ અભ્યાસેતર પ્રવૃત્તિઓ દ્વારા બાળકના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ અને જન્મજાત પ્રતિભાઓના સંવર્ધન પર નોંધપાત્ર ભાર મૂકવામાં આવશે. રક્ષાશક્તિ સ્કૂલ્સમાં National Cadet Corps (NCC) ફરજીયાત રાખવામાં આવશે. વિદ્યાર્થીઓને તેમની યોગ્યતા અને જરૂરિયાતો અનુસાર તાલીમ આપવા માટે પ્રોજેક્ટ પાર્ટનર્સ દ્વારા અલાયદા શિક્ષકો અને/અથવા કોચ રોકાયેલા રહેશે.

g) કારકિર્દી માર્ગદર્શન અને કોચિંગ:

રક્ષાશક્તિ સ્કૂલ્સમાં વિદ્યાર્થીઓને સંરક્ષણ, અર્ધલશ્કરી, પોલીસ સેવાઓ, ફોરેન્સીક, ઇન્વેસ્ટીગેશન, આંતરીક સિક્યોરીટી, ઔદ્યોગિક સિક્યોરીટી વગેરે તમામ સંલગ્ન ક્ષેત્રોમાં સંભવિત કારકિર્દીની તકો માટે યોગ્ય રીતે માર્ગદર્શન અને વિષયલક્ષી કરવામાં આવશે. રક્ષાશક્તિ સ્કૂલ્સમાં અભ્યાસ કરેલ તમામ વિદ્યાર્થીઓને ફરજીયાત પણે નેશનલ ડિફેન્સ એકેડમી (NDA)ની પ્રવેશ પરીક્ષામાં ભાગ લેવાનો રહેશે. આ માટે નેશનલ ડિફેન્સ એકેડમી (NDA), સંયુક્ત સંરક્ષણ સેવાઓ, નાગરિક સેવાઓ અને સમાન સંબંધિત ક્ષેત્રોમાં કારકિર્દી બનાવવા માટે વિદ્યાર્થીઓને કોચિંગ આપવા માટે વિશિષ્ટ વ્યવસ્થા પણ કરવામાં આવશે.

Scanned with CamScanner

h) સઘન દેખરેખ, મૂલ્યાંકન અને માન્યતા:

GSHSEB શાળાઓ માટેના વિદ્યા સમીક્ષા કેંદ્રના સમર્થન સાથે સઘન રચનાત્મક અને સંક્ષિપ્ત મૂલ્યાંકન દ્વારા દરેક બાળકના શીખવાની પ્રગતિને નજીકથી ટ્રેક કરવા માટેની પદ્ધતિ પણ બનાવવામાં આવશે. શાળા માન્યતાના ઉચ્ચ ધોરણોની ખાતરી કરવા માટે Gujarat School Quality Accreditation Council (GSQAC) દ્વારા સમયાંતરે આ શાળાઓનું મૂલ્યાંકન પણ કરવામાં આવશે.

i) પ્રોજેક્ટ ભાગીદારો દ્વારા વ્યાવસાયિક સંચાલન:

શાળાઓનું સંચાલન પ્રોજેક્ટ પાર્ટનર્સ દ્વારા ખૂબ જ વ્યાવસાયિક રીતે કરવામાં આવશે. જેમાં શાળા વ્યવસ્થાપન, શૈક્ષણિક, અભ્યાસેતર પ્રવૃત્તિઓ, હાઉસકીપિંગ, મેસ અને ફૂડ મેનેજમેન્ટ, IT અને MIS મેનેજમેન્ટ, એકાઉન્ટિંગ અને નાણાંકીય વ્યવસ્થાપન, તબીબી સેવાઓ, ચાઇલ્ડ કાઉન્સેલિંગ અને કન્યાઓના સલામતી અને સુરક્ષિત વાતાવરણ માટેના અભિગમ જેવા ક્ષેત્રોના તજજ્ઞોને જોડી સંવેદનશીલ અભિગમ સાથે ખૂબ જ શ્રેષ્ઠ રીતે શાળાઓ સંચાલિત કરવામાં આવશે.

j) કરારની મુદત અને કરાર:

પ્રોજેક્ટ પાર્ટનર્સની ઓપન સિલેક્શન પ્રક્રિયા પૂર્ણ થયા પછી અને શોર્ટલિસ્ટેડ અરજદારોની ભલામણ અને ગવર્નિંગ કાઉન્સિલની મંજૂરી પછી,કમિશનરશ્રી શાળાઓની કચેરીદ્વારા શિક્ષણ વિભાગે પસંદ કરેલા પ્રોજેક્ટ પાર્ટનર્સ સાથે કરાર કરશે. કરારની શરતો અને બોલીઓ સરકાર દ્વારા અલાયદી રીતે નક્કી કરવામાં આવશે. જે કરાર કર્યાની તારીખથી ૧૫ વર્ષ માટે અમલમાં રહેશે. રાજ્ય સરકાર દ્વારા પરસ્પર સંમતિથી પ્રવર્તમાન નીતિઓ અનુસાર કરારનો સમયગાળો વધુ લંબાવી શકાશે.

k) સમયાંતરે થર્ડ પાર્ટી ફાઇનાન્સિયલ ઓડિટ અને સોશિયલ ઓડિટ :

તમામ શાળાઓએ તેની નિયમિત કામગીરીમાં નાણાંકીય ઔચિત્ય અને કાર્યપદ્ધતિનું યોગ્ય રીતે ધ્યાન રાખવાનું રહેશે. તમામ શાળાઓએ યોગ્ય નાણાંકીય વ્યવસ્થાપન અને હિસાબી પ્રથાઓનું પાલન કરવું પડશે. ખાસ કરીને રાજ્ય સરકાર તરફથી પ્રાપ્ત થતી રકમના સંદર્ભમાં તમામ શાળાઓ સમયાંતરે થર્ડ પાર્ટી ફાઇનાશિયલ ઓડિટ અને સોશિયલ ઓડિટમાંથી પસાર થશે અને આવા ઓડિટરની નિમણૂક અને તે અંગેનાં ખર્ચની ચૂકવણી શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવશે. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૪) બજેટ અને માર્ગદર્શિકા:

- ચાલુ અને પછીના નાણાંકીય વર્ષોના બજેટમાં રિકરિંગ ખર્ચ માટે યોગ્ય બજેટ જોગવાઈઓ કરવામાં આવશે. વિદ્યાર્થી દીઠ રિકરિંગ એકસામટી રકમ બજેટ હેડ: 09-2202-02-110-01 (EDN-18)માંથી દર ક્વાર્ટરમાં એડવાન્સ હપ્તા તરીકે ચૂકવવામાં આવશે.

Scanned with CamScanner

- નાગરિક અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લોજિસ્ટિક્સ, શૈક્ષણિક અને બિન-શૈક્ષણીક સ્ટાફની લાયકાત ભોજનાલયની આવશ્યકતાઓ, તબીબી સહાય, અભ્યાસક્રમ અને અભ્યાસેત્તર સુવિધાઓના ધોરણો સંબંધિત વિગતવાર માર્ગદર્શિકા અને SOP મંજૂર થયેલા અને પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓની સંખ્યાની સામે શિક્ષણ વિભાગ દ્વારા અલગથી જારી કરવામાં આવશે. ગવર્નિંગ કાઉન્સિલને તે અંગે નિર્ણય લેવા અને બદલાતી પરિસ્થિતિઓ અને સમય-સમય પર ઊભી થતી જરૂરિયાતો અનુસાર જરૂરી ફેરફારો કરવાની સત્તા છે.
- પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
- આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
- પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
- આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો, પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
- આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રી કક્ષાએ તારીખ:૨૯/૦૮/૨૦૨૨ની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવ્યો છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને હુકમથી.

(જે.ટી.બાંધણીયા)
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકૂલ-૧,સચિવાલય,ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(નાણા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકૂલ-૧,સચિવાલય,ગાંધીનગર
- માન.મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અધિક અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકૂલ-૧, સચિવાલય,ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકૂલ-૨, સચિવાલય,ગાંધીનગર
- સચિવશ્રી,નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(શિક્ષણ),સચિવાલય,ગાંધીનગર.

Scanned with CamScanner

- સચિવશ્રી(પ્રા.શિ. અને મા.શિ.), સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી, GCERT,સેક્ટર-૧૨, ગાંધીનગર
- કુલપતિ, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, ગાંધીનગર
- કુલપતિ, ગણપત યુનિવર્સિટી, મહેસાણા
- અધિક સચિવશ્રી(પ્રા.શિ.), શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી બ્લોક નં.૧૨, ડો. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી,સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી,સેક્ટર-૧૭, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦,ગાંધીનગર.
- તમામ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફતે)
- તમામ જિલ્લાતિજોરી અધિકારીશ્રીઓ, (કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફતે)
- એકાઉટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- બજેટ શાખા,શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- આઈ.ટી.સેલ. શિક્ષણ વિભાગ ગાંધીનગર,સચિવાલય, ગાંધીનગર(શિક્ષણ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવા માટે).
- શાખા સિલેક્ટ ફાઇલ.
- નાયબ સેક્શન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ .

Scanned with CamScanner

<u>પરિશિષ્ટ-1</u>

- શિક્ષણ વિભાગ દ્વારા પ્રોજેક્ટ પાર્ટનરને પ્રતિ વર્ષ બાળક દીઠ લમ્પસમ ખર્ચ ચૂકવવામાં આવશે જ્યારે સમગ્ર મૂડી ખર્ચ પ્રોજેક્ટ પાર્ટનર્સ દ્વારા ઉઠાવવામાં આવશે, ત્યારે શિક્ષણ વિભાગ દર વર્ષે દરેક વિદ્યાર્થી સામે પ્રોજેક્ટ પાર્ટનર્સને ચૂકવવામાં આવતી એકમ રકમ દ્વારા રિકરિંગ ખર્ચને પહોંચી વળવામાં મદદ કરશે.
- નાણાકીય વર્ષ 2022-23 માટે બાળક દીઠ ₹75,000/- (અંકે રૂપિયા પંચોતેર હજાર)ની ઉચ્ચક વાર્ષિક રકમ નીચે કોષ્ટકમાં આપેલ તમામ હેડ માટે આપવા આવશે. આ બાળક દીઠ રકમમાં દર વર્ષે 7%નો વાર્ષિક વધારો કરવામાં આવશે.
- શિક્ષકો અને શિક્ષકોના પ્રોત્સાહન માટેનાં હેડ હેઠળ નિર્દેશ કરેલ રકમનો ઉપયોગ શિક્ષકો માટે પગાર અને પ્રોત્સાહન ખર્ચ માટે જ કરવાનો રહેશે, અન્ય કોઈ પણ હેતુ માટે તેનો ઉપયોગ કરી શકાશે નહીં.
- નીચે આપેલા કોષ્ટકમાં ક્રમ નંબર 2 અને 3 સિવાયના અન્ય હેડ સામે સ્પષ્ટ કરેલ રકમ અંદાજીત છે અને તેનો ઉપયોગ તમામ હેડ અંતર્ગત જરૂર મુજબ કરી શકાશે.
- વિદ્યાર્થી દિઠ આ ઉચ્ચક રકમ, નીચે જણાવેલ હેડ મુજબ નિર્દેશિત કરવામાં આવી છે:

| ક્રમ નં. | વિગત | રકમ (₹) |
|---|---|---|
| 1 | ફૂડ એન્ડ મેસ મેનેજમેન્ટ - સામગ્રી અને સ્ટાફ | 20,000 |
| 2 | વર્ગખંડની પ્રવૃત્તિઓ અને વધારાની અભ્યાસક્રમ પ્રવૃત્તિઓ માટે વિશિષ્ટ શિક્ષકો અને અધ્યાપન સ્ટાફનો પગાર | 24,000 |
| 3 | શિક્ષકો અને અધ્યાપન સ્ટાફને પ્રોત્સાહનો અને લાભો | 6,000 |
| 4 | નોન-ટીચિંગ સ્ટાફનો ખર્ચ - સપોર્ટ સ્ટાફ, સિક્યુરિટી, હોસ્ટેલ મેનેજમેન્ટ સ્ટાફ અને અન્યનો પગાર | 6,000 |
| 5 | સમારકામ અને જાળવણી - ફર્નિચર, વીજળી, પ્લમ્બિંગનું સમારકામ અને સમગ્ર કેમ્પસની જાળવણી વગેરે. | 2,500 |
| 6 | સ્ટેશનરી, પાઠ્યપુસ્તકો, યુનિફોર્મ (નિયમિત અને સંરક્ષણ તાલીમ) અને અન્ય શિક્ષણ સહાયક | 4,000 |
| 7 | વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે તબીબી સુવિધાઓ, મકાન અને સાધનો માટે વીમો | 1,000 |
| 8 | છાત્રાલય અને શાળા મકાન વ્યવસ્થાપન - સામગ્રી અને સ્ટાફ સહિત હાઉસકીપિંગ અને સેનિટાઇઝેશન | 1,000 |
| 9 | એનડીએ માટે કોચિંગ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ, કૌશલ્ય વિકાસ વગેરે જેવી અન્ય પ્રવૃત્તિઓ. | 5,000 |
| 10 | સંરક્ષણ, રમતગમત, NCC, સ્કાઉટ ગાઈડ વગેરેને લગતી તાલીમ માટેનો ખર્ચ | 5,500 |
|  | પ્રતિ વર્ષ વિદ્યાર્થી દીઠ કુલ | 75,000 |

Scanned with CamScanner

## પરિશિષ્ટ – 2

### ગવર્નિંગ કાઉન્સિલ

| ક્રમ | હોદ્દાની રૂએ સભ્યો |
|---|---|
| 1 | સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ (અધ્યક્ષ) |
| 2 | કમિશનર ઓફ સ્કૂલ્સ (સભ્ય સચિવ) |
| 3 | કુલપતિ અથવા એમના પ્રતિનિધિ, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, ગાંધીનગર |
| 4 | અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ |
| 5 | સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર |
| 6 | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર |
| 7 | નિયામકશ્રી, GCERT, ગાંધીનગર |
| 8 | કુલપતિ અથવા એમના પ્રતિનિધિ, ગણપત યુનિવર્સિટી, મહેસાણા |
| 9 | આચાર્યશ્રી, બાલાછડી સૈનિક સ્કૂલ, જામનગર |
| 10 | નાણાંકીય સલાહકાર, શિક્ષણ વિભાગ |
| 11 | શિક્ષણવિદ્-1 |
| 12 | શિક્ષણવિદ્-2 |

Scanned with CamScanner

## પરિશિષ્ટ –3

### પ્રોજેક્ટ પાર્ટનર્સ પસંદગી સમિતિ

| ક્રમ | હોદ્દાની રૂએ સભ્યો |
|---|---|
| 1 | કમિશનર ઓફ સ્કૂલ્સ (CoS) (અધ્યક્ષ) |
| 2 | અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ |
| 3 | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર |
| 4 | નિયામકશ્રી, GCERT, ગાંધીનગર |
| 5 | સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર |
| 6 | આચાર્યશ્રી, બાલાછડી સૈનિક સ્કૂલ, જામનગર |
| 7 | રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સીટીના પ્રતિનિધિ |
| 8 | શિક્ષણવિદ્-1 |
| 9 | શિક્ષણવિદ્-2 |

Scanned with CamScanner